# આપણું યુજીવીસીએલ

અંક-૧૩, ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૧૧




## ‘વુમન ઈન પાવર સેક્ટર’ વિશેષ મુખ્ય ઈજનેર શ્રીમતી છાયાબેન દેસાઈ એવોર્ડથી સન્માનિત



માનનીય મુખ્યમંત્રીશ્રીના સદ્‌ભાવના મિશન કાર્યક્રમ દરમિયાન યુજીવીસીએલ દ્વારા વિના વિક્ષેપે વીજ વિતરણ

જીયુવીએનએલના સુશ્રી શાહમીના હુસેન, ડિરેક્ટર (એડમિનીસ્ટ્રેશન) યુજીવીસીએલની મુલાકાતે





સાબરમતી એનર્જી નોલેજ સેન્ટર ખાતે યોજાઈ ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ



**નવા વર્ષના નવા સંકલ્પો સાથે સંસ્થાને, ગુજરાતને, દેશને ઉજ્જવળ ભવિષ્ય તરફ લઇ જવાનો સંકલ્પ કરીએ**

પ્રિય મિત્રો,

'આપણું યુજીવીસીએલ' ત્રિમાસિક ઇ-મેગેઝિનના માધ્યમ દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપનીના તમામ કર્મચારીઓ સમક્ષ મારા વિચારો વ્યક્ત કરતાં આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવું છું.

ઉત્તર ગુજરાત વીજ કંપનીના છેલ્લા છ વર્ષનો ઇતિહાસ સ્વયં એ વાતની સાક્ષી પૂરે છે કે એક સશક્ત વીજ વિતરણ કંપની તરીકે જે લાક્ષણિકતા હોવી જોઇએ તે તમામ બાબતો આપણી કંપની પાસે છે. વિવિધ કામગીરી માટે મેળવેલ રાષ્ટ્રીય તેમ જ રાષ્ટ્રીય કક્ષાના પુરસ્કારોનું સન્માન સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના કંપનીના ધ્યેયને પરિપૂર્ણ કરવામાં મહત્ત્વનું સાબિત થઇ રહ્યું છે.

આપ સૌની નિષ્ઠાથી આપણી કંપનીએ ભારતવર્ષની અગ્રગણ્ય વીજ વિતરણ કંપનીઓમાં સ્થાન મેળવ્યું છે અને આવી ગૌરવવંતી કંપનીમાં અધ્યક્ષ તરીકે સંકળાવા બદલ હું ગૌરવનો અનુભવ કરૂં છું. આપ સર્વેના માધ્યમ દ્વારા કંપનીની વિકાસયાત્રાને વેગ આપવાનો મારો હંમેશાં પ્રયત્ન રહેશે તેની ખાતરી આપું છું.

કંપનીના વધુ ઝડપી વિકાસ માટેના આપના પ્રયત્નોને ઊર્જા મળે તે માટે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી કંપનીના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટેની આપ સર્વેને શુભેચ્છા પાઠવું છું.

આપનો,

**વી. એન. માયરા,** આઇએએસ

*અધ્યક્ષ, યુજીવીસીએલ*



**તમસો મા જ્યોતિર્ગમયના પગલે અંધકારને દૂર કરી નવવર્ષમાં અજવાળાં પાથરવાનું કાર્ય સૌ સાથે મળી કરીએ**

પ્રિય કર્મચારી મિત્રો,

આપણું યુજીવીસીએલના માધ્યમ દ્વારા ફરીવાર મળતા આનંદ અનુભવું છું. પહેલાં આપણે દર માસે મળતા હતા હવેથી મારા સંવાદ ત્રિમાસિક રહેશે.

સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના ધ્યેયને સિદ્ધ કરતાં કરતાં ઊર્જા ક્ષેત્રે વિકાસના નવા શિખરો આપણે સર કરી રહ્યાં છીએ. કોઇ કર્મચારીના વ્યક્તિગત પ્રયત્નો દ્વારા અને તેમાંય મહિલા અધિકારી દ્વારા કંપનીની કામગીરી માટે મહત્ત્વની કામગીરી કરવાને લીધે ચતુર્થ ઈન્ડિયા પાવર એવોર્ડ - ૨૦૧૧ના વિતરણ સમારંભમાં વુમન ઇન પાવર સેક્ટરની કેટેગરી માટે વિશેષ મુખ્ય ઇજનેર શ્રીમતી છાયાબહેન દેસાઇ એવોર્ડથી સન્માનિત થવાની ઘટનાને હું વિશિષ્ટ ગૌરવપૂર્ણ બાબત ગણું છું. એક સશક્ત અને બાહોશ મહિલા અધિકારી તેઓ દ્વારા કરવામાં આવેલ કામગીરીને કંપનીના તમામ કર્મચારીઓ અને અધિકારીઓ પ્રેરણારૂપ ગણે તેવી આ પ્રસંગે અપેક્ષા રાખું છું. તેઓ દ્વારા કરવામાં આવેલ કામગીરીમાં સંલગ્ન તમામ મહેસાણાના કર્મચારીઓનો સાથ અને સહકાર આપવા બદલ અભિનંદન પાઠવું છું.

કંપનીના તાબા હેઠળની તમામ સર્કલ ઓફિસોના કર્મચારીઓના સહિયારા પુરુષાર્થ દ્વારા મહત્ત્વની કામગીરી હાથ ધરી ઊર્જા ક્ષેત્રે વધુ આગળ વધીએ એવી અભ્યર્થના.



**એન. શ્રીવાસ્તવ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

વર્ષ–૨ અંક–૧૩, ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૧૧
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી સી. એલ. શર્મા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એ. સી. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઈનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એમ. તિવારી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રીમતી છાયાબેન દેસાઈ, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી આર. એસ. પંચાલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એમ. કે. રાઠોડ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

**cs@ugvcl.in**
**managercc@ugvcl.in**
**sanaik_41262@yahoo.co.in**

સંકલન : ૨૦/૧૨/૨૦૧૧

# આ અંકમાં

**એવોર્ડ**
'વુમન ઈન પાવર સેક્ટર'ની કેટેગરી માટે વિશેષ મુખ્ય ઈજનેર શ્રીમતી છાયાબહેન દેસાઈ એવોર્ડથી સન્માનિત.......... ૦૫

**સદ્ભાવના**
માનનીય મુખ્યમંત્રીશ્રીના સદ્ભાવના મિશન કાર્યક્રમ દરમિયાન યુજીવીસીએલ દ્વારા વિના વિક્ષેપે વીજ વિતરણ.......... ૦૬

**મુલાકાત**
જીયુવીએનએલના સુશ્રી શાહમીના હુસેન, ડિરેક્ટર (એડમિનીસ્ટ્રેશન) યુજીવીસીએલની મુલાકાતે.......... ૦૮
ઉત્તરાખંડના યુપીસીએલના સભ્યોની યુજીવીસીએલની મુલાકાત.......... ૦૯

**સમાચાર**
યુજીવીસીએલનું વીજબચત સપ્તાહના ભાગરૂપે રેલીનું આયોજન.......... ૧૦
યુજીવીસીએલ તરફથી વીજબચત સેમિનાર અને ગ્રાહક પરામર્શ કાર્યક્રમ.... ૧૦

**પ્રવૃત્તિ**
મનજાગૃત મહિલા મંડળ દ્વારા 'વુમન ઈન પાવર સેક્ટર'ના એવોર્ડથી સન્માનિત વિશેષ મુખ્ય ઇજનેર શ્રીમતિ છાયાબેન દેસાઇનો સન્માન સમારંભ.......... ૧૧
યુજીવસીએલ તથા જેટકોના મન જાગૃતિ મહિલા મંડળ દ્વારા ગરબા મહોત્સવ ૧૧

**સ્પોર્ટ્સ**
સાબરમતી એનર્જી નોલેજ સેન્ટર ખાતે યોજાઈ ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ ૧૨
ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પાલનપુર સર્કલ વધુ એકવાર ચેમ્પિયન, હિંમતનગર ફરીવાર રનર્સ અપ.......... ૧૩
પાલનપુર સર્કલના યજમાન પદે યોજાયેલ વુમન્સ સ્પોર્ટ્સ.......... ૧૫
મહેસાણા સર્કલના યજમાનપદે વિસનગર ખાતે રમાયેલ ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટ.......... ૧૭

**ગૌરવ**
યુજીવીસીએલનું ગૌરવ.......... ૧૮

**માહિતી**
વીજવિતરણ પ્રણાલીમાં ફ્રેન્ચાઇઝીની ભૂમિકા.......... ૧૯

# ‘વુમન ઈન પાવર સેકટર’ની કેટેગરી માટે વિશેષ મુખ્ય ઈજનેર શ્રીમતી છાયાબહેન દેસાઈ એવોર્ડથી સન્માનિત




કાઉન્સિલ ઓફ પાવર યુટીલીટીઝ કે જે દેશની તમામ પાવર સેક્ટરની કંપનીઓની કાઉન્સિલ છે જેની રચના ૧૯૮૩માં કરવામાં આવેલ જેનો ઉદ્દેશ દેશના પાવરક્ષેત્રે ઉત્પાદન, પ્રવહન, વિતરણ અને ઉદ્યોગ ક્ષેત્રે નડતી મુશ્કેલીઓના નિવારણ માટેનો છે. પોતાના સિલ્વર જ્યુબિલી વર્ષ-૨૦૦૮થી પાવર ક્ષેત્રમાં વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કેટેગરી માટે જરૂરી ધારા-ધોરણ અગ્રગણ્ય કંપની જેમાં સરકારી, બિન સરકારી કંપનીઓ, વ્યક્તિગત ક્ષેત્રેના નોમિનેશન મંગાવી એવોર્ડથી સન્માનિત કરવાનું મહત્વનું કાર્ય કરી રહી છે.

વીજ વિતરણ ક્ષેત્રે એક મહિલા તરીકે કરેલ કામગીરી અને પોતાની સંસ્થામાં પોતાની કામગીરી માટે આપેલ શ્રેષ્ઠ યોગદાન માટે **‘ઈન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૧’** ‘વુમન ઈન પાવર સેક્ટર’ની કેટેગરી માટે શ્રીમતી છાયાબહેન દેસાઈને મળેલ છે. તેઓની મહત્વની કામગીરીમાં વીજ વિતરણ ખોટમાં ઘટાડો, એલ.ટી. થી એચ.ટી. લાઈનમાં ગુણોત્તર ૦.૪૮ સુધી લાવીને જાળવ્યો, ઈ-ગ્રામ યોજનાનું અમલીકરણ, ગ્રામ્ય વિસ્તારોમાં ૨૪ કલાક વીજ વિતરણ, બીલનાં નાણા કલેકશનની સુદ્રઢ વ્યવસ્થા, ખેતી વિષયક એનર્જી એફીશિયન્ટ પંપ સેટની યોજનાનું સફળ અમલીકરણ, ગ્રાહકોને સર્વોત્તમ સેવા થકી સંતોષ મળે તે માટે સુચારૂ વ્યવસ્થાતંત્રની ગોઠવણ, એની ટાઈમ પેમેન્ટ (ATP) દ્વારા પસંદગી કરાયેલ વિસ્તારમાં વીજ બીલના નાણાની પ્રાપ્તિ, ૧૦૦ ટકા વીજળીકરણ, ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મરનું સ્પેશયલ અર્થીંગ કરી વીજ અકસ્માતમાં ઘટાડો, મહેસાણામાં ત્રાટકેલ વાવાઝોડામાં થયેલ વીજ લાઇન તથા થાંભલાના નુકસાન સમયે માત્ર ત્રણ દિવસમાં વીજ પૂરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવેલ, રાત્રિના સમયે સઘન ચેકીંગ ઝુંબેશ દ્વારા વીજ ચોરી અટકાવવાના પ્રયત્નો, વીજ વિક્ષેપની માહિતી દ્વારા દરેક ફીડરોનું બારીકાઈથી અવલોકન કરી વીજ વિતરણ ખોટ ઘટાડવાનો પ્રયત્ન વગેરેનો સમાવેશ થાય છે.

યુજીવીસીએલનું મહેસાણા સર્કલ કે જેનો મોટા ભાગનો ગ્રામ્ય વિસ્તાર છે અને ૬૦ ટકા વીજ ભાર કૃષિ ક્ષેત્રમાં છે. તા. ૨૪/૧૧/૨૦૧૧ના રોજ ઈન્ડિયા હબીતાત સેન્ટર, ન્યુ દિલ્હી ખાતે **ઈન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૧** સુશ્રી એલીશન બાર્ટલ

### સદર એવોર્ડ માટે નીચે જણાવ્યા મુજબના તજજ્ઞોની જયુરી તરીકે નિમણુંક કરવામાં આવેલ

- શ્રી એચ. એલ. બજાજ, ભૂતપુર્વ મેમ્બર (ટેક્નિકલ) એપેલેટ ટ્રીબ્યુનલ ફોર ઈલેક્ટ્રીસિટી.
- શ્રી સી. આર. પ્રસાદ, ભૂતપુર્વ ચેરમેન અને એમ.ડી. ગેઈલ અને ચેરમેન, એવરેસ્ટ પાવર પ્રાઈવેટ લિમિટેડ
- શ્રી એચ. આર. શર્મા, ભૂતપુર્વ મેમ્બર, સેન્ટ્રલ ઈલેક્ટ્રીસિટી.ઓથોરિટી અને ડાયરેક્ટર, જીવીકે ટેક્નિકલ એન્ડ કન્સલટન્સી પ્રાઈવેટ લિમિટેડ.
- શ્રી વી. રઘુરામન, ભૂતપુર્વ મુખ્ય સલાહકાર (ઊર્જા), કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડ્સ્ટ્રીઝ.
- શ્રી સી. વી. શર્મા, માનદ્‌પ્રમુખ, આઈકોલ્ડ અને પ્રમુખ, કાઉન્સિલ ઓફ પાવર યુટીલીટિઝ

ડાયરેક્ટર, એકવા- મિડિયા ઈન્ટરનેશનલ, યુ.કે. દ્વારા શ્રીમતી છાયાબહેનને એનાયત કરવામાં આવેલ. આ પ્રસંગે જીયુવીએનએલના મુખ્ય ઈજનેરશ્રી ડી. આર.શાહ તથા યુજીવીસીએલ મહેસાણાના મુખ્ય ઈજનેર શ્રી સી.એલ.શર્માએ હાજરી આપેલ.

શ્રીમતી છાયાબહેને ૧૭/૦૯/૧૯૭૯ના રોજ પોતાની કારકિર્દીની શરૂઆત જુનિયર ઈજનેર તરીકે બારેજડી ખાતેથી કરેલ ત્યારબાદ સાબરમતી વર્તુળ કચેરી ખાતે બદલી મેળવી ૧૭/૦૮/૧૯૮૭નાં રોજ નાયબ ઈજનેર તરીકે મહેસાણા ખાતે બઢતી મેળવ્યા બાદ સાબરમતી સર્કલ, સાબરમતી વિભાગીય કચેરી તેમજ ગાંધીનગર વિભાગીય કચેરીમાં કામ કરેલ. ૨૬/૦૮/૦૬ના રોજ કાર્યપાલક ઈજનેર તરીકે સાબરમતી વિભાગીય કચેરીમાં બઢતી મેળવેલ. ૦૧/૦૩/૦૯નાંરોજ અધિક્ષક ઈજનેર તરીકે મહેસાણા વર્તુળ કચેરી ખાતે બઢતી મેળવેલ. ૦૨/૦૮/૧૧નાં રોજ વિશેષ મુખ્ય ઈજનેર તરીકે સાબરમતી વર્તુળ કચેરી ખાતે બઢતી મેળવેલ છે. શ્રીમતી દેસાઈએ પોતાની કારકિર્દી દરમિયાન માત્ર વીજ વિતરણની સેવાઓ સાથે સંલગ્ન હોવાથી પોતાની પુર્ણ નિષ્ઠા, દીર્ઘ સૂઝથી ફરજ બજાવી હોવાને લીધે વ્યક્તિગત કામગીરીને મહત્વની પુરવાર કરી એવોર્ડ પ્રાપ્ત થઈ શકે તે દિશામાં એક સશક્ત અને બાહોશ મહિલા અધિકારી તરીકે કંપનીને ગૌરવ અપાવેલ છે.■

# માનનીય મુખ્યમંત્રીશ્રીના સદ્ભાવના મિશન કાર્યક્રમ દરમિયાન યુજીવીસીએલ દ્વારા વિના વિક્ષેપે વીજ વિતરણ

તા. ૧૪.૧૧.૨૦૧૧ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા સદ્ભાવના મિશન કાર્યક્રમ અંતર્ગત એક દિવસના ઉપવાસ કરવાનું આયોજન પાટણ શહેરમાં હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના મેદાનમાં કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહેવાના હોઇ ૧૫ દિવસ અગાઉ આગોતરું આયોજન હાથ ધરવા માટે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા અલગ અલગ વિભાગોને સૂચનાઓ આપવામાં આવી. જે અંતર્ગત ઉત્તર ગુજરાત વીજ કંપનીને સમગ્ર કાર્યક્રમ દરમિયાન સતત વીજ પૂરવઠો જળવાઇ રહે તે માટેની સૂચારુ વ્યવસ્થા કરવા માટે જણાવવામાં આવેલ, ઉપરાંત વધુ વીજ પૂરવઠાની આવશ્યકતા હોઇ એ પ્રમાણે વ્યવસ્થા ગોઠવવા માગણી કરેલ. કુલ બે જગ્યાએ સદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જે પૈકી એક પ્રદર્શનનું સ્થળ અને બીજું ઉપવાસનું સ્થળ. જે જગ્યાએ ગોઠવવામાં આવેલ તે જગ્યાએ માર્ગ અને મકાન વિભાગ દ્વારા મુખ્ય મંડપ માટે ૮૦ KW તેમ જ પ્રદર્શન મંડપ માટે ૭૫ KWના લોડ માટે હંગામી વીજ જોડાણની માગણી કરવામાં આવેલ. જે માટે પાટણ શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા બંને સ્થળોએ જરૂરી વીજ પૂરવઠો મળી રહે તે માટે ૨૦૦ KVA ના ટ્રાન્સફોર્મર ઊભા કરવામાં આવેલ ઉપરાંત બંને સ્થળોએ આકસ્મિક સંજોગોમાં વીજ વિક્ષેપની પરિસ્થિતિ ઉભી થાય તો બંને સ્થળોએ ૧૦૦ KVA ના ટ્રાન્સફોર્મર સ્ટેન્ડબાય તરીકે રાખવામાં આવેલ . ઉપરાંત ૧૧ KW પાવર સપ્લાયમાં આકસ્મિક વીજ વિક્ષેપ ઉભો થાય તો બંને ફીડરો દ્વારા તાત્કાલિક વીજ પૂરવઠો મળી રહે તે હેતુસર ચેન્જ ઓવર Change over સ્વીચ લગાવી ફૂલપ્રૂફ વ્યવસ્થા કરવામાં આવેલ. પાટણ વિભાગીય કચેરી દ્વારા સમગ્ર સદ્ભાવના મીશન કાર્યક્રમ દરમિયાન સતત વીજ પૂરવઠો જળવાઈ રહે તે હેતુસર એક્શન પ્લાન બનાવી દરેક કચેરીના નાયબ ઇજનેરશ્રીઓને કામગીરીની વહેંચણી કરી જવાબદારી સોંપવામાં આવેલ, અને સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંપૂર્ણ તકેદારી રાખવા જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ.

સરકારશ્રી દ્વારા પ્રદર્શન મંડપમાં વિવિધ વિભાગોને સ્ટોલની ફાળવણી કરવામાં આવેલ જે અંતર્ગત કોર્પોરેટ કમ્યુનિકેશન સેલના સહયોગથી જરૂરી માહિતી અંગેની સમજૂતી આપતા પેનલ બોર્ડ ગોઠવવામાં આવેલ. તદ્ઉપરાંત યુજીવીસીએલ કંપનીની વિશિષ્ઠ કામગીરીનું નિદર્શન કરતું સ્ક્રીન મોશન ડિસ્પ્લે મશીન પણ ગોઠવવામાં આવેલ. જયોતિગ્રામ યોજના અન્વયે ગુજરાતના ગામડાઓને કઈ રીતે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે અને આ પાવર સપ્લાય દ્વારા ગામડાઓમાં વીજ પુરવઠાનો કેવી રીતે ઉપયોગ થઈ શકે તે દર્શાવતો ટેબ્લો બનાવવામાં આવેલ. આ ટેબ્લામાં સૂર્ય ઊર્જા તેમ જ પવન ચક્કી દ્વારા કેવી રીતે બિન પરંપરાગત ઊર્જા ઉત્પન્ન થઈ શકે તેવી સમજ આપતી પ્રત્યક્ષ રચના કરવામાં આવેલ. પ્રદર્શન સ્ટોલમાં યુજીવીસીએલ કંપની દ્વારા તેમ જ પાટણ વિભાગીય કચેરીની












છેલ્લા દસ વર્ષમાં જે કંઈ સિદ્ધિઓ હાંસલ થયેલ છે તેની વિગતો દર્શાવતું બોર્ડ પણ નિદર્શનમાં મુકવામાં આવેલ. પ્રદર્શન સ્ટોલમાં ૪૨ ઈંચના વિશાળ LED દ્વારા યુજીવીસીએલ કંપની દ્વારા કંપનીની સિદ્ધિઓ અંગેની નાટકીય સ્વરૂપની સીડીનું નિદર્શન કરવામાં આવેલ. તદ્ઉપરાંત કંપનીની ગ્રાહકલક્ષી વિવિધ માહિતીઓના ચોપાનિયા રાખવામાં આવેલ હતા.

તા. ૧૩-૧૧-૨૦૧૧ના રોજ ગુજરાતરાજ્યના માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબહેનના અધ્યક્ષપદે જિલ્લા કક્ષાના અધિકારીઓની અંતિમ વ્યવસ્થાની સમીક્ષા માટે મિટિંગ રાખવામાં આવેલ. ત્યાર બાદ સાંજના ૪ વાગ્યે તમામ જિલ્લા કક્ષાના અધિકારીઓની હાજરીમાં પ્રદર્શનમંડપ જાહેર જનતાના નિદર્શન માટે ખુલ્લું મૂકવામાં આવેલ અને તે અંગની મંત્રીશ્રી દ્વારા જાહેરાત કરવામાં આવેલ. યુજીવીસીએલ દ્વારા પ્રદર્શનમાં રજૂ કરવામાં આવેલ પેનલો, સીડી, તેમજ સ્કીન મોશન ડિસ્પ્લે અંગે તેઓએ સંતોષની લાગણી અનુભવેલ. સદર પ્રદર્શનમાં યુજીવીસીએલ તથા જેડાના અધિકારીઓએ વીજ બચત, વીજ સલામતી, યુજીવીસીએલની કામગીરી ઉપરાંત ગુજરાતમાં બિનપરંપરાગત ઊર્જા ક્ષેત્રની પ્રગતિ વિશે માહિતી પૂરી પાડેલ.

જિલ્લાના વિવિધ શાળા તેમ જ કોલેજના વિદ્યાર્થીઓએ પ્રદર્શન સ્ટોલમાં મુકેલ જ્યોતિગ્રામના



**માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના સદ્ભાવના મિશન અંતર્ગત ગુજરાતની પાવર કંપનીઓના વિવિધ વિભાગોની સિદ્ધિઓ અને તેમના દ્વારા કરવામાં આવેલ સરાહનીય કામોનું પ્રદર્શન યોજાયું હતું. આ દરમિયાન માનનીય મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા કક્ષાના બધા જ અધિકારીઓ માટે વિડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધીન કર્યુ હતું**

ટેબ્લોમાં વિશેષ રસ દર્શાવેલ. સૌરઊર્જા તેમ જ પવનચક્કી જેવા બિન પરંપરાગત સ્ત્રોતો દ્વારા વીજ ઉત્પાદન વિશે પ્રશ્નો પૂછવામાં આવેલ જેની હાજર અધિકારીઓ દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવેલ. પાટણ જિલ્લાના ખેડૂતો દ્વારા ડ્રીપ ઈરિગેશન વિશે પ્રશ્નોત્તરી કરતા તેનાથી થનારા ફાયદા વિશે જણાવવામાં આવેલ. કેટલાક શિક્ષિત યુવાનોએ ઈલેક્ટ્રિસીટી ઉત્પાદન કેન્દ્રથી ગ્રામ્ય સુધી વીજળી કઈ રીતે પહોંચાડવામાં આવે છે તે માટે વિવિધ પ્રશ્નો પૂછેલ, જેની સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ.

પ્રદર્શન સ્ટોલમાં મૂકવામાં આવેલ માહિતી પુસ્તિકા તેમ જ ચોપાનિયાઓનું વિતરણ કરવામાં આવેલ. ચોપાનિયાઓ દ્વારા ઘર વપરાશ તેમ જ અન્ય વીજ ઉપકરણોમાં કેટલો વીજ વપરાશ થાય છે તેની માહિતીમાં મુલાકાતીઓએ રસ દાખવેલ હતો. ૪૨ ઈંચ LED દ્વારા વીજળી બચાવ વિશે માહિતી આપવામાં આવેલ હતી. સમગ્ર દિવસ દરમ્યાન જાહેર જનતાનો ધસારો રહેલ હતો અને અંદાજે ૮થી ૧૦ હજાર લોકોએ યુજીવીસીએલ સ્ટોલની મુલાકાત લીધી હતી અને વિવિધ પ્રાપ્ય માહિતીથી સંતોષની લાગણી અનુભવેલ.

સમગ્ર પ્રોગ્રામ દરમ્યાન યુજીવીસીએલની પાટણ વિભાગીય કચેરીની તમામ પેટા વિભાગીય કચેરીના અધિકારીઓ તેમ જ કર્મચારીઓએ હાજર રહી વીજ પુરવઠો સતત મળી રહે તેની તકેદારી રાખેલ હતી અને અંતે કોઈ પણ પ્રકારના વીજ વિક્ષેપ વગર સંપૂર્ણ પ્રોગ્રામ પૂર્ણ થયેલ હતો. ■

**ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડમાં નવ નિયુક્ત ડિરેક્ટર (એડમિનીસ્ટ્રેશન) સુશ્રી શાહમીના હુસેને પ્રથમવાર ઉત્તર ગુજરાત વીજ કંપનીની મુલાકાત લીધી તેમનો ઉદ્દેશ્ય નિર્ધારિત લક્ષ્યાંકો જે માર્ચમાં પૂરાં કરવાના છે તેને શક્ય તેટલા ઝડપથી પૂર્ણ કરવાનો છે તે વિશે ચર્ચા કરી હતી**



# જીયુવીએનએલના સુશ્રી શાહમીના હુસેન, ડિરેક્ટર (એડમિનીસ્ટ્રેશન) યુજીવીસીએલની મુલાકાતે



તા. ૭/૧૨/૨૦૧૧ના રોજ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડમાં નવ નિયુક્ત ડિરેક્ટર (એડમિનીસ્ટ્રેશન) સુશ્રી શાહમીના હુસેને પ્રથમવાર ઉત્તર ગુજરાત વીજ કંપનીની મુલાકાત લીધી હતી. કંપનીના મુખ્ય ઈજનેર શ્રી સી. એલ. શર્મા, શ્રી એ.સી. પટેલ અને જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર. બી. કોઠારી તથા શ્રી આર. એચ.પટેલ નાયબ મહાપ્રબંધક (એચઆર)એ આવકારીને ફુલોથી સ્વાગત કર્યુ હતુ.

માનનીય ડિરેક્ટર (એડમિનીસ્ટ્રેશન) સુશ્રી શાહમીના હુસેને ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા તા. ૧/૪/૨૦૧૧થી તા. ૩૧/૩/૨૦૧૨ દરમિયાન સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ યોજનાઓ જેવી કે આર. જે. જી. વાય, આર.એ.પી. ડી., આર.પી. કુટીર, જ્યોત યોજના, ઈન્દિરા આવાસ યોજનાનું વીજળીકરણ, તત્કાલ યોજના વગેરે યોજનાના લક્ષ્યાંકો મુજબ કામગીરી થઈ રહી છે તેમજ અન્ય પ્રવૃત્તિઓ અંગેની પ્રવર્તમાન પરિસ્થિતિનું મુલ્યાંકન કરવા માટેની વિગતવાર માહિતી મીટિંગમાં ઉપસ્થિત પાલનપુર, હિંમતનગર, સાબરમતી અને મહેસાણાના અધિકારીઓ પાસેથી મેળવેલ અને નિર્ધારિત લક્ષ્યાંકો જે માર્ચમાં પૂરાં કરવાના છે તેને શક્ય તેટલા ઝડપથી પૂર્ણ કરવા અનુરોધ કરેલ.

હિંમતનગર તથા સાબરમતી સર્કલમાં લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે જે તે ક્ષેત્રમાં થઈ રહેલી ઝડપી કામગીરી માટે હકારાત્મક નોંધ લીધેલ. આ પ્રસંગે તાજેતરમાં બનેલ નોંધપાત્ર ઘટના કે જેના માટે દિલ્હીના હેબીટાટ સેન્ટર ખાતે તા. ૨૪/૧૧/૨૦૧૧ના ઈન્ડિયા પાવર ૨૦૧૧ના વિતરણ સમારંભમાં 'વુમન ઈન પાવર સેક્ટર'ની કેટેગરી માટે એવોર્ડથી સન્માનિત શ્રીમતી છાયાબહેન દેસાઈને તેમની પ્રશંસનીય કામગીરી માટે અભિનંદન પાઠવેલ.



સમગ્ર મીટિંગ દરમિયાન સુશ્રી શાહમીના હુસેન દ્વારા માગવામાં આવેલ વિગતો અંગે ખૂબ સારી રીતે સમજી શકાય તેવી રજૂઆત થતા ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા કરવામાં આવી રહેલ પ્રવર્તમાન કામગીરીની સચોટ માહિતી મળતા સંતોષની લાગણી અનુભવી. હવે પછીના સંજોગોમાં વધુ સારી પ્રવૃત્તિ દ્વાર સરકારશ્રીની યોજનોઓના લક્ષ્યાંકો સિદ્ધ થાય તે દિશામાં ખાસ પગલાં લેવા માટે અનુરોધ કરી, હાજર રહેલ તમામ અધિકારીઓનો આભાર વ્યક્ત કરેલ. ■





# ઉત્તરાખંડના યુપીસીએલના સભ્યોની યુજીવીસીએલની મુલાકાત

ગુજરાતની વિવિધ પાવર કંપનીઓમાં ચાલી રહેલા R-APDRP કાર્યના અભ્યાસ માટે યુપીસીએલના સભ્યોની ટીમે ૯મી નવેમ્બર ૨૦૧૧થી ૧૩મી નવેમ્બર ૨૦૧૧ દરમિયાન વિવિધ કંપનીઓની મુલાકાત લીધી.

તારીખ ૯મી ઓક્ટોબરે ટીમ અમદાવાદ પહોંચી. તારીખ ૧૦મી ઓક્ટોબરે તેઓએ ટોરેન્ટ પાવર લિમિટેડની મુલાકાત લીધી. યુપીસીએલની ટીમ તારીખ ૧૧ ઓક્ટોબરે R-APDRP કાર્યના અભ્યાસ માટે વિરમગામ રુરલ સબ-ડિવિઝન પહોંચી હતી. R-APDRP ના વિવિધ મોડ્યુલ્સનું કમ્પ્યુટર પર ડેમોન્સ્ટ્રેશન બતાવ્યું હતું. ત્યાર પછી તેઓ બોપલ સબ-ડિવિઝનમાં ચાલી રહેલા અન્ડરગ્રાઉન્ડ પ્રોજેક્ટ જોવા ગયા હતા ત્યાં તેમણે સબ-ડિવિઝન ઓફિસની કાર્યશૈલીના અભ્યાસ કર્યો હતો. તેમન R-APDRP અને અન્ડરગ્રાઉન્ડ પ્રોજેક્ટ કાર્ય વિશે વિસ્તારથી સમજાવવામાં આવ્યું હતું. તારીખ ૧૨ ઓક્ટોબરે ગાંધીનગરના એનર્જી મેનેજમેન્ટ સેન્ટર એન્ડ એરિયા લોડ ડિસ્પેચ સેન્ટર અને રુપાલ ગામમાં સ્પેશિયલ ડિઝાઇન્ડ ટ્રાન્ફરમરના અભ્યાસ માટે મુલાકાત લીધેલ હતી.

**ઉત્તરાખંડના યુપીસીએલની ટીમના ગુજરાત પાવર સેક્ટરની મુલાકાતે આવી હતી**

શ્રી એ. કે. જૈન, મેનેજિંગ ડિરેક્ટર, યુપીસીએલ, દેહરાદુન, શ્રી એસ. કે. જૈન, સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર, ઇટીસી હરિદ્વાર, શ્રી અતુલ અગ્રવાલ, સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર, ઇટીસી, દેહરાદુન, શ્રી સૈયદ અહેમદ, સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર, (R-APDRP – B/HQ) યુપીસીએલ દેહરાદુન, શ્રી ગૌરવ શર્મા, એક્ઝિક્યુટિવ એન્જિનિયર, ઇડીડી (આર) હરિદ્વાર

યુપીસીએલની ટીમે પાવર સેક્ટરમાં યુજીવીસસીએલની નોંધપાત્ર કામગીરી જોતાં મુલાકાત લીધી હતી. તેમણે યુજીવીસીએલની પાવર સેક્ટરમાં થયેલી પ્રગતિ અને સ્ટાફ અને અધિકારીઓની કાર્યશૈલીની પ્રશંસા કરી હતી. તારીખ ૧૩મીના રોજ પધારેલ ટીમને ધન્યવાદ સાથે વિદાય આપવામાં આવેલ. ■





## કાવ્યધારા

### બીજું શું જોઈએ ?

મારી રગરગમાં સદા તારી સુવાસ હો
મારા ઘટઘટમાં સદા તારો નિવાસ હો
તો મારા આ જિંદગીને બીજું શું જોઈએ?
તને ઈચ્છું ત્યારે હું હ્રદયથી ચાહી શકું
ઢાળું મારા નયનને હું તને જોઈ શકું
તો મારી આ જિંદગીને બીજું શું જોઈએ?
અધર ખૂલતાં પહેલાં તારા શબ્દોને ઉકેલી શકું
વગર સ્પર્શ તારા અડકવાનો અહેસાસ કરી શકું
તો મારી આ જિંદગીને બીજું શું જોઈએ?
મારી જિંદગીને કદી એકલાપણું લાગે નહી
જીવ-જીવતર જુંદાં તોય જુંદાપણું લાગે નહી
તો મારી આ જિંદગીને બીજું શું જોઈએ?



**શ્રી જે. કે. દરજી**
*નાયબ ઈજનેર,*
*વર્તુળ કચેરી, મહેસાણા*

### પરિશ્રમનું વાવેતર

બસની બારી બહાર નજર એકધારી પડે,
બેઉ ગામના વગડે જ્યાં ધરતી આભ અડે.
થયેલા સઘળા ખેતર એક સરખા આતુર,
મેઘ તણો ઈશાનીયો ક્યાંક આણસાર મળે.
નવી બીજ અંકુરિતને ચાસ દિસે સમાંતરે,
શેઢે વૃક્ષ સમીપે વીજથાંભલે વીજળી વહે.
ધૂંસરીએ ધોરી બેઉને ખેડુ જોડે આંતરખેડે,
ખેડુ તણા દેહથી પરથમી પર પ્રસ્વેદ પડે.
વીજથાંભલે અહીં જ્યાં વીજકર્મી તાર સાંધે.
કર્મઠોના આ દૃષ્ય દેખતાં સૌની નજર ઠરે.
પ્રકૃતિના ખેતરમાં પરિશ્રમનું વાવેતર,
મન ગમતા સુખ તણો મબલખ મોલ મળે.

**ઘનશ્યામ પટેલ,**
*નાયબ ઈજનેર, વીજાપુર, વિભાગીય કચેરી*

# યુજીવીસીએલનું વીજબચત સપ્તાહના ભાગરૂપે રેલીનું આયોજન




યુજીવીસીએલ દ્વારા વીજ બચત સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે વીજ બચત રેલીનું આયોજન.

૧૪/૧૨/૨૦૧૧ થી ૨૧/૧૨/૨૦૧૧ દરમિયાન દર વર્ષની જેમ સમગ્ર દેશમાં ઊર્જા બચત સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. ઊર્જાના વિવિધ સ્ત્રોત પૈકી વીજ ક્ષેત્રમાં વિતરણ અંગેની કામગીરી કરતી વીજ કંપની તરીકે યુજીવીસીએલ દ્વારા વીજ બચત સપ્તાહની ઉજવણી માટેનું આયોજન વિવિધ કાર્યક્રમો દ્વારા નક્ક કરવામાં આવેલ. જેના ભાગરૂપે તા. ૧૪ ડિસેમ્બર-૨૦૧૧નાં રોજ ઉત્તર ગુજરાતમાં વીજ બચત અંગેનો અસરકારક સંદેશ પહોંચાડી શકાય તેવા ઉદ્દેશથી કંપનીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના માર્ગદર્શન તથા શ્રી સી. એલ. શર્મા મુખ્ય ઈજનેર અને શ્રી એ. સી. પટેલના નેતૃત્વ હેઠળ વિશેષ મુખ્ય ઈજનેરશ્રી ડી. એસ. દોશી, અધિક્ષક ઈજનેર શ્રી ડી. એસ. પટેલ, કાર્યપાલક ઈજનેર શ્રી એસ. પી. પટેલ તથા શ્રી જે. વી. તેતર, કાર્યપાલક ઈજનેર, જેટકોની હાજરીમાં યુજીવીસીએલ અને જેટકોના સંયુક્ત ઉપક્રમે કર્મચારીઓની વિશાળ રેલીનું આયોજન કરવામાં આવેલ. સદર રેલી યુજીવીસીએલની કોર્પોરેટ ઓફિસના પટાંગણથી નીકળી જીલ્લા પંચાયત રોડ, એસ.ટી. સ્ટેન્ડ, બજાર થઈ પરા તળાવ થઈને પરત આવેલ, રેલીમાં વીજ બચત અંગેના સ્લોગનો સુત્રોચ્ચાર દ્વારા તેમજ પ્લેકાર્ડ દર્શાવીને લોકો સુધી વીજ બચતના સંદેશા પહોંચાડવામાં આવેલ. વીજ બચત અંગેની માહિતી આપતા ટેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ. રેલી શહેરના મુખ્ય માર્ગોથી પસાર થઈ રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસે પરત થતાં કંપનીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે આવકારેલ. પોતાના વ્યક્તવ્યમાં કંપની દ્વારા વીજ બચત અંગેના સંદેશ આ રેલી દ્વારા સાચા અર્થમાં પહોંચે તે માટે આશાવાદ વ્યક્ત કરેલ. કંપની દ્વારા વીજ વિતરણ અંગેની કામગીરી સાથે વીજ બચતનો સંદેશો લોકો સુધી પહોંચાડવા બદલ તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવેલ. વિશાળ સંખ્યામાં યોજાયેલ કર્મચારીઓની રેલીમાં પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારોએ હાજર રહીને જનહિતના કાર્યને લોકો સુધી પહોંચાડવાનું ઉમદા કામ કરેલ. રેલીનું આયોજન મહેસાણાના સર્કલના નાયબ ઈજનેરશ્રી આર. બી. પટેલ, શ્રી જે. કે. દરજી તથા નાયબ ઈજનેરશ્રી રંગરેજ દ્વારા હાથ ધરવામાં આવેલ. ■

---

# યુજીવીસીએલ તરફથી વીજબચત સેમિનાર અને ગ્રાહક પરામર્શ કાર્યક્રમ



તા.૧૪/૧૨/૨૦૧૧થીતા.૨૧/૧૨/૨૦૧૧ દરમિયાન દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજ બચત સપ્તાહ ઉજવણી માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરેલ છે. જેના ભાગ રૂપે દેદિયાસણ જીઆઈડીસીના કોન્ફરન્સ હોલ ખાતે વીજ બચત, ગ્રાહક પરામર્શ અને ઈ-પેમેન્ટની જાણકારી આપતા કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવેલ. કંપનીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તાવની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં કંપનીના મુખ્ય ઈજનેરશ્રી સી. એલ. શર્મા, શ્રી એ. સી. પટેલ, શ્રી જી. કે. પટેલ, દેદિયાસણ જીઆઈડીસી, શ્રી મંગળભાઈ પટેલ, પ્રમુખ, મહેસાણા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, શ્રી અજીતભાઈ પટેલ, **એપોલો ગ્રુપ** શ્રી કાંતિભાઈ પટેલ, **ખોડિયાર ગ્રુપ** હાજર રહેલ. હાજર રહેલા મહાનુભાવોનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી ડી. આર. શાહ, નાયબ ઈજનેર દ્વારા વિવિધ સ્લાઈડ દ્વારા વીજ બચત કેવી રીતે કરી શકાય તેની સમજૂતી આપી વીજ ઉત્પાદન દરમિયાન આવનારા દિવસોમાં ગ્લોબલ વોર્મિંગની કેવી સમસ્યાઓ સર્જાઈ શકે છે તેની વિસ્તૃત સમજ આપી વીજ બચત થાય તે માટે ગ્રાહકોને અપીલ કરેલ. શ્રી આર. કે. પટેલ, નાયબ અધિક્ષક (હિસાબ) દ્વારા ઈ-પેમેન્ટ દ્વારા એચ.ટી. ગ્રાહકો કેવી રીતે રજીસ્ટ્રેશન કરી અને કઈ કઈ બેંકો દ્વારા પેમેન્ટ કરી શકે તેના વિવિધ પગલાંની સમજ આપેલ. ગ્રાહક પરામર્શના કાર્યક્રમમાં ઉપસ્થિત મહેસાણાના ઔદ્યોગિક ગ્રાહકો દ્વાર તેઓને મુંઝવતા પ્રશ્નો પુછવામાં આવેલ, જેનો સંતોષકારક પ્રત્યુત્તર કંપનીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, મુખ્ય ઈજનેરશ્રી સી. એલ. શર્મા અને શ્રી એ. સી. પટેલ દ્વારા પાઠવવામાં આવેલ.

કાર્યક્રમના અંતમાં શ્રી અજીતભાઈ પટેલ એપોલો ગ્રુપે કંપની દ્વારા વીજ બચત સપ્તાહ નિમિત્તે આપવામાં આવેલ કાર્યક્રમો અંગે તેમજ મહેસાણા ઈન્ડસ્ટ્રીયલ સબ ડિવિઝન દ્વારા ઔદ્યોગિક વીજ ગ્રાહકોને આપવામાં આવેલ સેવાઓથી સંતોષ સાથે આભારની લાગણી વ્યક્ત કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી અજય વખારીયા, નાયબ ઈજનેર દ્વારા કરવામાં આવેલ. શ્રી ડી. એસ. પટેલ અધિક્ષક ઈજનેરના નેતૃત્વ હેઠળ શ્રી એસ. પી. પટેલ, કાર્યપાલક ઈજનેર શ્રી કે. ડી. દરજી, શ્રી એસ. એ. પટેલ, શ્રી આર. બી. પટેલે કાર્યક્રમનું સુંદર આયોજન કરી સફળ બનાવેલ. ■

# મનજાગૃત મહિલા મંડળ દ્વારા 'વુમન ઈન પાવર સેક્ટર'ના એવોર્ડથી સન્માનિત વિશેષ મુખ્ય ઈજનેર શ્રીમતિ છાયાબેન દેસાઈનો સન્માન સમારંભ

તા. ૯.૧૨.૨૦૧૧ના રોજ જેટકોના કોન્ફરન્સ હોલમાં ચતુર્થ ઇન્ડિયા પાવર એવોર્ડના વિતરણ સમારંભમાં વુમન ઇન પાવર સેક્ટરની કેટેગરી માટે એવોર્ડથી સન્માનિત વિશેષ મુખ્ય ઇજનેર શ્રીમતી છાયાબેન દેસાઇને સન્માનિત કરવા માટેના એક સમારંભનું આયોજન મનજાગૃત મહિલા મંડળ દ્વારા યુજીવીસીએલ તથા જેટકોના મહિલા કર્મચારીઓની હાજરીમાં કરવામાં આવ્યું

આ પ્રસંગે મનજાગૃત મંડળના પ્રમુખ શ્રીમતી રમિલાબેન ચૌધરીએ શ્રીમતી છાયાબેન દ્વારા વીજવિતરણ ક્ષેત્રમાં કરવામાં આવેલ મહત્ત્વની કામગીરીને લઇને તેમને મળેલ એવોર્ડ અંગે ગૌરવની લાગણી અનુભવી અભિનંદન પાઠવેલ. સમગ્ર મહિલા મંડળ વતી તેઓને પ્રશસ્તિપત્ર આપવામાં આવેલ. આ પ્રસંગે પલ્લવીબેન મહેતા, જેટકો તથા રેણુકાબેન ગાંધી યુજીવીસીએલે છાયાબેન દ્વારા કરવામાં આવેલ એવોર્ડ વિજેતા કામગીરીની સરાહના કરેલ. કાર્યક્રમની શરૂઆત રંજનબેન મજમુદારે પ્રાર્થનાગીતથી કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જ્યોત્સનાબેન રાઠોડ દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે ઉપપ્રમુખ મીતાબેન ભટ્ટ હાજર રહેલ. શ્રીમતી છાયાબેન દેસાઇએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પોતાના કાર્યકાળના શરૂઆતના દિવસો અંગેના સંસ્મરણો તાજા કરેલ. ૧૯૭૯ના સમયગાળા દરમિયાન પોતાની કારકીર્દિની શરૂઆત જુનિયર ઇજનેર તરીકે બારેજડી પેટા વિભાગ ખાતેથી કરેલ તે સમય દરમિયાન ઓછામાં ઓછા સાધનો દ્વારા ગ્રાહકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં પડતી તકલીફો હોવા છતાંય સફળતાપૂર્વક કામગીરી કરી ગ્રાહકોને સંતોષ આપવાના પ્રયત્નો કરેલ જે કામગીરી સાચા અર્થમાં એવોર્ડ પાત્ર હોવાની લાગણી અનુભવેલ સન્માન કરવા બદલ મહિલા મંડળના તમામ હોદ્દેદારો તેમજ સભ્યોનો આભાર માનેલ.

સદર કાર્યક્રમમાં કાર્યપાલક ઇજનેર શ્રી જે.વી. તેતરના ધર્મપત્ની શ્રીમતી વીણાબેન તેતરના અવસાન નિમિત્તે તમામ સભ્યો દ્વારા બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ આપેલ. ■





# યુજીવસીએલ તથા જેટકોના મન જાગૃત મહિલા મંડળ દ્વારા ગરબા મહોત્સવ

તા. ૦૪/૧૦/૨૦૧૧ ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં યુજીવીસએલ અને જેટકોના મન જાગૃત મંડળ દ્વાર ભવ્ય નવરાત્રિ ગરબાનું મહોત્સવનું આયોજન કરવામાં આવેલ આદ્યશક્તિ માતાજીની ભક્તિના આ મહાપર્વમાં સ્વાભાવિક રીતે મહિલાઓને ઉત્સાહ હોય અને જ્યારે સંસ્થા તરફથી આવા કાર્યક્રમો કરવા માટે મહિલા કર્મચારીઓને મોકળાશ આપવામાં ત્યારે તેની વાત જ કાંઈક વિશેષ હોય છે. ખૂબ ઉત્સાહભેર બહેનોએ ગરબામાં ભાગ લઈને સમગ્ર કાર્યક્રમની સફળતાપૂર્વક ઉજવણી કરેલ.

પ્રસંગના શુભારંભ સમયે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ રમીલાબહેન ચૌધરી, જુનિયર ઈજનેરના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ, કંપનીના મુખ્ય ઈજનેર શ્રી સી.એલ.શર્મા, ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ઓફિસર શ્રી એસ. વાય. ડામોર તથા અન્ય અધિકારીગણ ઉપરાંત સ્ટાફના ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહેલ. ■

### મનજાગૃત મહિલા મંડળ (યુજીવીસીએલ/જેટકો) મહેસાણા

આ પ્રસંગ નિમિત્તે ગરબામાં **બેસ્ટ કોસ્ચ્યુમ** તથા **બેસ્ટ ગરબા સ્ટાઈલ**માં પ્રથમ ત્રણ નંબર માટે સ્પર્ધા પણ યોજવામાં આવેલ. જેમાં આપવામાં આવેલ રોકડ ઈનામો આપવામાં આવેલ.

| હરીફાઈ | વિજેતા બહેનનું નામ | | આપેલ રોકડ ઈનામની રકમ |
|---|---|---|---|
| બેસ્ટ ગરબા સ્ટાઈલ | ફાલ્ગુનીબહેન રાજપૂત | પ્રથમ ઈનામ | ૨૫૦/- |
| | દિપીકાબહેન કવરક્ષત્રિય | દ્વિતીય ઈનામ | ૨૦૦/- |
| | સંગીતાબહેન પ્રજાપતિ | તૃતીય ઈનામ | ૧૫૦/- |
| બેસ્ટ કોસ્ચ્યુમ | મીતાબહેન ભટ્ટ | પ્રથમ ઈનામ | ૨૫૦/- |
| | મૃદાબહેન પટેલ - | દ્વિતીય ઈનામ | ૨૦૦/- |
| | રમીલાબહેન ચૌધરી - | તૃતીય ઈનામ | ૧૫૦/- |





# સાબરમતી એનર્જી નોલેજ સેન્ટર ખાતે યોજાઈ ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ

- **શ્રી કે. આર. લાડ પી. ઓ. -૧ ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન ચેમ્પિયન**
- **શ્રીકે. જે. જેઠવા, જુનિયર આસિસ્ટન્ટ, રાજકોટ શહેર વર્તુળ કચેરી રનરઅપ**




તા. ૦૯ થી ૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૧ દરમિયાન ઉત્તર ગુજરાત વીજ કંપનીના યજમાન પદે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની છઠ્ઠી ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટનું આયોજન સાબરમતી ખાતે આવેલ એનર્જી નોલેજ સેન્ટર ખાતે કરવામાં આવેલ, જેમાં ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કંપની હસ્તકના ઉકાઈના થર્મલ પાવર સ્ટેશન ખાતે પ્લાન્ટ ઓપરેટર ગ્રેડ -૧ તરીકે ફરજ બજાવતા શ્રી કમલ આર. લાડ ચેમ્પિયન થયેલ છે. જ્યારે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ હસ્તકના શહેર વર્તુળ કચેરી ખાતે જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી કિશોરસિંહ જે. જેઠવા રનર અપ થયેલ છે.

સદર ટુર્નામેન્ટમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, દક્ષિણ ગુજરાતના વીજ કંપની લિમિટેડ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ, તથા ગુજરાત ઈલેક્ટ્રિસિટીની ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડની રમાયેલ ઈન્ટર સર્કલ ટુર્નામેન્ટને અંતે પસંદગી પામેલ ટીમના કુલ-૩૩(તેત્રીસ) કર્મચારીઓએ ભાગ લીધેલ.

ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં ઉદ્‌ઘાટન પ્રસંગે સાબરમતી વર્તુળ કચેરીના વિશેષ મુખ્ય ઈજનેર શ્રીમતી છાયાબહેન આર. દેસાઈ, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડમાંથી પધારેલ શ્રી એસ. એ. શેખ, નાયબ મહાપ્રબંધક, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વર્તુળ કચેરી સાબરમતી ખાતેના શ્રી એન. આર, મકવાણા, નાયબ મહાપ્રબંધકે હાજરી આપી ખેલાડીઓને પ્રોત્સાહન પુરું પાડેલ.

શ્રી એસ. એલ. પટેલ, સહાયક સચિવ શ્રી દ્વારા ઉદ્‌ઘાટન સમારંભનું આયોજન કરી પધારેલ મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરેલ. શ્રીમતિ છાયાબહેન દેસાઈ, વિશેષ મુખ્ય ઈજનેર શ્રીએ તમામ રમતવીરોને આવકારી ખેલદીલીના જુસ્સાથી ટુર્નામેન્ટ રમવા અનુરોધ કરી સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવેલ, તેમજ ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ફાળવવામાં આવેલ ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ માટે તેઓને આભાર માનેલ. પ્રાસંગિક ઉદબોધનમાં શ્રી એમ. એ. શેખે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને જ્યારે પણ ટુર્નામેન્ટ ફાળવવામાં આવે છે ત્યારે હંમેશા સફળતાપૂર્વકનું આયોજન કરવામાં આવે છે તેની નોંધ લીધેલ.

સમાપન સમારંભમાં ગુજરાત ઊર્જા વિકાસ લિમિટેડના વિશેષ મહાપ્રબંધક શ્રી એન. સી. મુન્શી તથા મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. આર. ગુપ્તાએ હાજર રહીને વિજેતા થયેલા ખેલાડીઓને ટ્રોફી તથા ટીશર્ટનું વિતરણ કરેલ. ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ માટેની ટુર્નામેન્ટ માટે સફળ થવા અંગેની શુભેચ્છાઓ પાઠવેલ. ■








**ઓલ ઈન્ડીયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ માટેની પસંદગી થયેલ ટીમ.**

| ક્રમ | રમતવીરનું નામ | હોદ્દો | ફરજનું સ્થળ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી કે. આર. લાડ | પી. ઓ. -૧ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ચેમ્પિયન |
| ૨ | શ્રી કે. જે. જેઠવા | જુનિયર આસિસ્ટન્ટ | રાજકોટ શહેર વર્તુળ કચેરી | રનર-અપ |
| ૩ | શ્રી એસ. બી. બારૈયા | સિનિયર આસિસ્ટન્ટ | મહુવા શહેર પે.વિ.ક. | - |
| ૪ | શ્રી એમ. આર. પરમાર | નાયબ ઈજનેર | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | - |
| ૫ | શ્રી એન. સી. માલવી | જુનિયર ઈજનેર | ૨૨૦ કે. વી. વાઘોડીયા | - |

**સ્ટેન્ડબાય ખેલાડી**

| ક્રમ | રમતવીરનું નામ | હોદ્દો | ફરજનું સ્થળ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી જી. કે. ચોટાઈ | નાયબ અધિક્ષક હિસાબ | પોરબંદર | - |
| ૨ | શ્રી કે. ડી. ખોડીયાર | નાયબ ઈજનેર | બાંધકામ વિભાગીય કચેરી અંજાર | - |

# ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પાલનપુર સર્કલ વધુ એકવાર ચેમ્પિયન, હિંમતનગર ફરીવાર રનર્સ અપ

